**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ, જીલ્લા વહીવટી તંત્ર, કૃષિ અને સહકાર તથા આદિજાતિ વિભાગ, દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયું અંતર્ગત મહિલા કૃષિ દિવસની ઉજવણી**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર , આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ, જીલ્લા વહીવટી તંત્ર, કૃષિ અને સહકાર તથા આદિજાતિ વિભાગ, દ્વારા **મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મહિલા કૃષિ દિવસની** ઉજવણી તારીખ ૦૬.૦૮.૨૦૧૬નાં રોજ રાધે પાર્ટી પ્લોટ, દાહોદ ખાતે કરવામાં આવેલ્. આ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે શ્રી સુજલ મયત્રા, માન. જીલ્લા વિકાસ અધિકારી, દાહોદ, શ્રીમતી સંયુક્તાબેન મોદી, માન. પ્રમુખશ્રી, નગરપાલિકા, દાહોદ, શ્રી નિનામા સાહેબ, પ્રયોજના અધિકારી, દાહોદ, શ્રીમતી વિણાવબેન પલાસ, મહિલા કારોબારી અધ્યક્ષ, દાહોદ, શ્રી એમ.પી. બગડા, જીલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદ, ડો. યુ. એમ. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કે.વિ.કે., દાહોદ, શ્રી એન. વી. રાઠવા, નાયબ ખેતી નિયામક અને પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા, દાહોદ તેમજ વૈજ્ઞાનિકશ્રીઓ, કે.વિ.કે. દાહોદ અને જીલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓની ઉપસ્થિતી રહેલ. ત્યારબાદ તાંત્રીક સેશનમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા સજીવ ખેતી, કિચન ગાર્ડનીંગ, શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી, કૃષિમાં યાંત્રીકરણ, આધુનિક ખેતીમાં બાયો ફર્ટીલાઇઝરનુ મહત્વ વિગેરે વિષય પર ખેડુત મહિલાને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૫૪૬ ખેડુત મહિલાઓ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.






